પેટ્રોલના ભાવમાં ૧.૬૦ સુધીનો ઘટાડો

નવી દિલ્હી, તા.૩૧

ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ (ઓએમસી)એ પેટ્રોલની કિંમતમાં આજે લીટરદિઠ રૂપિયા ૧.૬૦નો ઘટાડો કર્યો હતો. પેટ્રોલની કિંમતમાં કરવામાં આવેલો ઘટાડો તાત્કાલીક ધોરણે અમલી બનાવવામાં આવ્યો છે. મુંબઈમાં ઓઈલ માર્કેટીંગ કંપનીઓની મળેલી સમીક્ષા મિટિંગ બાદ પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવાનો નિર્ણય કરાયો હતો. આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઈલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આજના ઘટાડાની સાથે જ અમદાવાદમાં પેટ્રોલની કિંમત લીટરદિઠ ૭૬.૨૪ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે અન્ય મેટ્રો શહેરોમાં પણ લીટરદિઠ ૧.૬૦ના ઘટાડા બાદ ક્રમશઃ ઘટાડો નોંધાયો છે. અત્રે નોંધનીય છે કે તાજેતરમાં જ પેટ્રોલની કિંમતમાં લીટરદિઠ ૭.૫૦ રૂપિયાનો કમરતોડ ઝીંકવામાં આવ્યો હતો.

જેને લઈને આજે દેશભરમાં બંધની હાકલ કરવામાં આવી હતી. ભારતબંધના લીધે દેશના ઘણાં ભાગોમાં નારાજ લોકોએ વ્યાપક તોડફોડ કરી હતી. જાહેર પરિવહનના સાધનોને નુકશાન પહોંચાડવામાં આવ્યું હતું. ભાવવધારો કરાયા બાદ કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએના સાથી પક્ષો પણ ખુબ નારાજ હતા. ખાસ કરીને ડીએમકે અને તૃણમુલ કોંગ્રેસે જોરદા વાંધો ઉઠાવ્યો હતો. કેરલ અને દિલ્હી જેવા કેટલાક રાજ્યોએ વેટના ચાર્જ ઘટાડીને લોકોને રાહતા આપવાના પ્રયાસ કર્યા હતા. પેટ્રોલની કિંમતમાં આજે ઘટાડો કરવામાં આવ્યા બાદ લોકોને તિવ્ર મોંઘવારી વચ્ચે આંશિક રાહત ચોક્કસ પણે મળશે.

ભારત બંધને મિશ્ર પ્રતિસાદ

દિલ્હી

બેંગ્લોર

અમદાવાદ

મહારાષ્ટ્ર

કલકત્તા

નવી દિલ્હી,તા.૩૧

પેટ્રોલની કિંમતમાં તાજેતરમાં ઝીંકવામાં આવેલા કમરતોડ ભાવ વધારાના વિરોધમાં આજે ભાજપના નેતૃત્વમાં એનડીએ અને ડાબેરીઓ, વેપારી સંગઠનો દ્વારા આપવામાં આવેલા બંધને શરૂઆતથી જોરદાર પ્રતિસાદ મળ્યો હતો. ભાજપ શાસીત રાજ્યોમાં બંધને મજબુત પ્રતિસાદ મળ્યો હતો. જ્યારે કોંગ્રેસ શાસિત રાજ્યોમાં બંધને નબળો પ્રતિસાદ મળ્યો હતો. બંધના સમર્થકો સવારથી જ રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા અને જુદી જુદી જગ્યાઓએ રેલીઓનું આયોજન કર્યુ હતું ઘણી જગ્યાઓએ ટ્રેનો અને પરિવહનની સેવાઓને રોકવામાં આવી હતી. જેથી સવારમાં જનજીવનને માઠી અસર થઈ હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ દિલ્હી,. પટણા, અલાહબાદ, વારાણસી, મુંબઈ, પંજાબના જુદા જુદા વિસ્તારો સહિતના દેશના જુદા જુદા ભાગોમાં બંધ સમર્થકો રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા. ઘણી જગ્યાએ ટ્રેનોની અવરજવરને રોકી દેવામાં આવી હતી. ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. દિલ્હીના રોહતક રેલ્વે માર્ગ ઉપર ટ્રેન સેવા ખોરવવાના પ્રયાસ કરાયા હતા. બેંગ્લોરમાં બીએમપીસીની ત્રણ બસો સળગાવી દેવામાં આવી હતી. અન્ય ૯ બસમાં તોડફોડ કરવામાં આવી હતી. કોલકાતાના વીઆઈપી માર્ગ ઉપર પણ ટ્રાફિક જામની સ્થિતિ સવારથી જોવા મળી હતી. યુપીએ સરકારે બજેટ સત્રની પુર્ણાહુતી બાદ તરત જ પેટ્રોલની કિંમતમાં કમરતોડ વધારો ઝીંકી દીધો હતો. જેથી મોંઘવારીના વિરોધમાં આજે લોકો માર્ગો ઉપર ઉતરી આવ્યા હતા. મોંઘવારીથી પરેશાન લોકોએ આજે જુદી જુદી જગ્યાઓ દેખાવ કર્યા હતા. એનડીએ પ્રાયોજિત બંધને ડાબેરીઓ, વેપારી સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાઓ પણ ટેકો આપી રહી છે. ભારત બંધ દરમિયાન દેશના જુદા જુદા ભાગોમાં કેટલીક જગ્યાઓએ હિંસક દેખાવો પણ થયા હતા. બંધ વેળા લોકો ઉપર સવારે અસર થઈ હતી.

હવે મોબાઈલમાં રોમિંગ ચાર્જ નહીં

નવી દિલ્હી,તા.૩૧

કેન્દ્રીય કેબિનેટે નવી ટેલિકોમ પોલિસીને આજે આખરે લીલીઝંડી આપી દિધી હતી. આની સાથે જ રોમીંગ ચાર્જ હવે લાગશે નહીં. નવી

ટેલિકોમ પોલીસી હેઠળ દેશભરમાં મોબાઈલ રોમીંગ ચાર્જ હવે લાગુ પડશે નહીં. કેબિનેટના આ નિર્ણયથી લોકોને મોટી રાહત થઈ છે. દેશભરમાં હવે કસ્ટમરો હવે એક જ નંબરનો ઉપયોગ કરી શકશે. કેન્દ્રીય કેબિનેટની બેઠક બાદ માહિતી અને પ્રસારણ પ્રધાન અંબિકા સોનીએ કહ્યું હતું કે કેબિનેટે મંજૂર કરેલી નવી ટેલિકોમ પોલિસી સુચીત પોલિસીથી થોડીક અલગ છે. અલબત અંબિકા સોનીએ આ મામલે વધારે વિગત આપવાનો ઈન્કાર કરી દિધો હતો. નવી પોલીસી લાગુ થઈ ગયા બાદ મોબાઈલના બીજા સર્કલમાં ઉપયોગ થનાર રોમીંગ ચાર્જ ખતમ થઈ જશે. સાથે સાથે સમગ્ર દેશમાં એક મોબાઈલ નંબર જ કામ કરી શકશે. એટલે કે સર્કલ બદલાવની સ્થિતીમાં મોબાઈલ નંબર બદલવાની જરૂર રહેશે નહીં. આ ઉપરાંત લોકલ અને એસટીડી કોલ માટે અંતર પણ ખતમ થઈ જશે. ટેલિકોમ ઓપરેટરોને અલગ અલગ સર્કલ માટે અલગ અલગ લાઈસન્સની પણ જરૂર પડશે નહીં. ટેલિકોમ ઓપરેટરો એક જ

નવી ટેલિકોમ પોલિસીને આખરે મંજુરી : દેશભરમાં કસ્ટમરો હવે એક જ નંબરનો ઉપયોગ કરી શકશે

લાઈસન્સથી સમગ્ર દેશમાં સેવા આપી શકશે. હાલમાં યુઝરોને સર્કલથી બહાર હોવાની સ્થિતીમાં ઈનકમીંગ અને આઉટગોઈંગ બંને કોલ ઉપર વધારાના ચાર્જ ચુકવવાની ફરજ પડે છે. આ ઉપરાંત હાલમાં કસ્ટમરોની પાસે સર્કલથી બહાર નંબર પોર્ટેબિલીટીની પણ સુવિધા નથી. માર્કેટમાં ખુબ વધારે ઓપરેટરોને ધ્યાનમાં લઈને સરકાર એક્ઝીટ પોલિસી પણ લાવશે. આનાથી ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સ સેક્ટરમાં કન્સોલીડેશનનો દોર જોવા મળશે. આનાથી કસ્ટમરોને સીધો ફાયદો થશે. કારણ કે તમામ ઓપરેટરો પર ઓછા રેટ રાખવાની ફરજ પડશે. નવી પોલિસીનો હેતુ ઓન ડિમાન્ડ બ્રોડબેન્ડ ઉપલબ્ધ કરાવવાની તથા ગ્રામીણ વિસ્તારમાં ટેલીડેનસીટી ૧૦૦ ટકા સુધી લઈ જવાનો છે. સ્પેક્ટ્રમની પુલીંગ, સહકાર, કારોબારને પણ મંજુરી મળશે. આનાથી એક કંપનીની પાસે વધારે માત્રામાં સ્પેક્ટ્રમ હોવાથી આ કંપની સ્પેક્ટ્રમને વધારે કંપની સાથે વહેંચી શકે છે. અથવા તો તેને વેચીને નફો પણ મેળવી શકે છે. આની સાથે સાથે લાઈસન્સ અને સ્પેક્ટ્રમની હરાજી જુદી જુદી રીતે થશે. કેબીનેટે મંજુર કરેલી નવી ટેલિકોમ પોલિસી હવે એક દશક કરતાં પણ વધુ જુના નિયમોની જગ્યા લેશે. નવી ટેલિકોમ પોલિસીનો હેતુ પારદર્શકતાને મહત્વ આપવાનો છે. સાથે સાથે દેશના શો પીસ સેક્ટરો પૈકી એકમાં તેજીને પરત લાવવાનો પણ છે. તાજેતરના જ એક પછી એક વ્યાપક કૌભાંડના કારણે ટેલિકોમ સેક્ટરને માઠી અસર થઈ છે. સરકારે ઝોનલ રોમીંગ ફ્રી નાબુદ કરવાની યોજના ઘડી કાઢી છે. આ નવી પોલિસી હેઠળ ભારત ઝડપથી સુધારા સાથે આગળ વધશે. કેન્દ્રીય કેબીનેટની મિટિંગમાં અંબિકા સોની ઉપરાંત ટેલિકોમ પ્રધાન કપિલ સિબ્બલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

દુન એક્સપ્રેસ પાટા પરથી ખડી પડી : છ યાત્રીનાં મોત

જૌનપુર,તા. ૩૧

કોલકત્તાથી દહેરાદુન સુધી દોડતી દુન એક્સપ્રેસ ઉત્તરપ્રદેશના

જૌનપુર નજીક આજે દુર્ઘટનાગ્રસ્ત થતા ઓછામાં ઓછા છ યાત્રીઓના મોત થયા હતા અને ૫૦થી વધુ યાત્રીઓ ઘાયલ થયા હતા. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે.

મળેલી માહિતી મુજબ વહેલી પરોઢે ૧.૧૫ વાગે નોર્થન રેલવેના વારાણસી ડિવીઝન હેઠળ જૌનપુર જિલ્લામાં મહેરાવન સ્ટેશન ખાતે આ બનાવ બન્યો હતો. અધિકારીઓ અને બચાવ ટીમ પહોંચે તે પહેલા સ્થાનિક ગામવાળાઓની ટુકડીએ આશરે ૨૦૦ યાત્રીઓને બચાવી લીધા હતા. નુકસાન પામેલા કોચમાં ૫૦૦ જેટલા યાત્રાઓ ફસાઈ ગયા હતા. જૌનપુર જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓના જણાવ્યા મુજબ સાત સ્લીપર અને બે જનરલ કોચ પાટા પરથી ખડી પડ્યા હતા. રેલવે ટ્રેક પર કેટલીક વાંધાજનક વસ્તુ નિહાળ્યા બાદ દુન એક્સપ્રેસના ડ્રાઈવરે બ્રેકનો ઉપયોગ કર્યો હતો. અડધા કલાકમાં બચાવ ટીમ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રેલવે દ્વારા લખનૌ, ફૈઝાબાદ અને વારાણસીથી ત્રણ રાહત ટ્રેન રવાના કરવામાં આવી હતી. આ ટ્રેનો મારફતે અટવાઈ પડેલા યાત્રીઓને લાવવામાં આવશે. બનાવની જાણ થતા રેલવે તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌથી આશરે ૨૧૦ કિલોમીટરના અંતરે સ્તિત ઘટનાસ્થળે બચાવ ટુકડી જાણ થયા બાદ તરત પહોંચી હતી. બચાવ અને રાહત કામગારી તરત હાથ ધરવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આજે થયેલી દુર્ઘટનાના ૧૦ દિવસ પહેલા જ દક્ષિણ ભારતમાં થયેલી ટ્રેન દુર્ઘટનામાં ૨૬ લોકોના મોત થયા હતા. જ્યારે ૪૫ ઘાયલ થયા હતા.

શબ્દાવલી - ૪૭૪૫

૧	૨	૩		■	૪		૫
૬			■	૭		■	
	■	■	૮	■	૯	૧૦	
	■	૧૧		૧૨	■		■
■		૧૩			૧૪	■	૧૫
૧૬	૧૭			■		■	
૧૮		■	■	૧૯		૨૦	
૨૧				■	૨૨		■

આડી ચાવી

૧. રાત, નિશા (૪)
૪. મેસેજ, એક દૈનિક સમાચારપત્ર (૩)
૬. હાજીયો પુરાવવો (૩)
૭. સવા નવને પાંચ એટલે.... થાય (૨)
૯. તીર્થયાત્રા (૩)
૧૧. અવનવા, જુદા જુદા (૩)
૧૩. ચિત્ર દોરવા તે (૪)
૧૬. વિચિત્ર હોવું તે (૪)
૧૮. ઘુંસરી, કામનો બોજો કે જવાબદારી (૨)
૧૯. મોટો ખટલો, સરસામાન (૪)
૨૧. કંટાળો ઉપજાવે તેવું (૪)

ઊભી ચાવી

૧. પોષક તત્ત્વો (ખોરાકમાં) (૪)
૨. વરાળ, બાષ્પ (૨)
૩. વશ કરવું તે,.... કરણ (૨)
૪. ધન, મિલ્કત (૩)
૫. સોગંદ (૩)
૮. ખ્યુરીટી, પવિત્ર હોવું તે (૪)
૧૦. સૂર્ય, ભાનુ (૨)
૧૧. જેનું ચિત્ર ના હોય તેવું (૩)
૧૨. હડસેલા, ઠેલા (૨)
૧૪. સમારકામ, રીપેરીંગ (૪)
૧૫. ઉપાય, દવા (૩)
૧૬. પત્ની, મરી જાય તે પતિ (૩)
૧૭. દીવો, દીવડો (૩)
૨૦. વાસણ, બર્તન (૨)

શબ્દાવલી ૪૭૪૪ના જવાબ

આડી ચાવી :- (૧) પાલનહાર (૬) હાલત (૭) ટકટક (૯) ખલ (૧૧) ઘાટ (૧૨) શાક (૧૩) પારસલ (૧૪) તર્કટ (૧૫) મેજ (૧૬) શોરગુલ (૧૮) કાછલી (૨૦) કાપાલીક

ઊભી ચાવી :- (૧) લહાવો (૨) પાતક (૩) નટખટ (૪) હાકલ (૫) રટ (૮) કટોકટ (૧૦) ગરમર (૧૧) ઘાલમેલ (૧૨) શાર્કમાછલી (૧૬) શોક (૧૭) ગુનો (૧૮) કાપા (૧૯) લીક

ઉ.પ્ર.માં માર્ગ દુર્ઘટનામાં ૨૦ના મોત, ૨૭ ઘાયલ

બુલંદશહેર,તા.૩૧

ઉત્તર પ્રદેશમાં બુલંદશહેર જિલ્લામાં ખાનપુર અલાઉટી નજીક બસ અને મિની ટ્રક અથડાઈ જતાં ઓછામાં ઓછા ૨૦ શ્રદ્ધાળુઓના મોત થયા છે અને અન્ય ૨૭ લોકો ઘાયલ થયા છે. જે પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ગઢ મુક્તેશ્વરથી ગંગામાં પવિત્ર સ્નાન કર્યા બાદ પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓ સાથે ભરેલી એક બસ ખાનપુર અલાઉટી નજીક મિની ટ્રક સાથે અથડાઈ જતાં ૧૭ શ્રદ્ધાળુઓના ઘટના સ્થળે જ મોત થઈ ગયા હતા જ્યારે અન્ય ત્રણ શ્રદ્ધાળુઓને હોસ્પિટલમાં લઈ જતાં દમ તોડી દીધો હતો. ઘાયલ થયેલા તમામને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મૃતદેહોને પણ પોસ્ટ મોટમ માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. મૃત્યુ પામેલા શ્રદ્ધાળુઓની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. ઉત્તર પ્રદેશમાં હાલમાં આ બીજી મોટી દુર્ઘટના છે. થોડાક દિવસ પહેલાં જ એક દુર્ઘટનામાં ૨૦ શ્રદ્ધાળુઓના મોત થયા હતા. ઘાયલ થયેલા ૨૭ શ્રદ્ધાળુઓ પૈકી કેટલાકની હાલત ગંભીર હોવાથી મોતનો આંકડો વધવાની દહેશત દેખાઈ રહી છે.

એર ઈન્ડિયા પાયલોટની હડતાલ સતત ચોવીસમાં દિવસે યથાવત

નવી દિલ્હી,તા.૩૧

નેશનલ કેરિયર એર ઈન્ડિયાના પાયલોટોની હડતાળ આજે ૨૪માં દિવસે યથાવત રીતે જારી રહી હતી. પાયલોટોની હડતાળના કારણે એર ઈન્ડિયાને થઈ રહેલા નુકશાનનો આંકડો દિનપ્રતીદિન વધી રહ્યો છે. હડતાળને કારણે એર ઈન્ડિયાને નુકશાનનો આંકડો વધીને ૩૩૦ કરોડ સુધી પહોંચી ગયો છે. એર ઈન્ડિયાના એક અધિકારીએ માહિતી આપતાં કહ્યું હતું કે ટીકીટ રદ થવાના કારણે એર ઈન્ડિયાને ૩૩૦ કરોડનું નુકશાન થઈ ચુક્યું છે. મોટી સંખ્યામાં યાત્રીઓને પણ તકલીફ નડી રહી છે. એર ઈન્ડિયાને ઘણાં વિમાનોની સેવા બંધ રાખવાની ફરજ પડી રહી છે. આ અધિકારીએ કહ્યું હતું કે ઓપરેશનને સામાન્ય કરવાના પ્રયાસો થઈ રહ્યા છે પરંતુ પાયલોટોની હડતાળને લીધે નુકશાન થઈ રહ્યુ છે. એર ઈન્ડિયા મેનેજમેન્ટ અને પાયલોટો પોતપોતાના વલણ ઉપર મક્કમ બનેલા છે. આ જોતા તેમની હાલતમાં સુધારો થવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. હડતાળ હજુ પણ ખેંચ તેવી દેખાઈ રહી છે. બીજી જુનથી દિવસનું નુકશાન પાંચ કરોડની આસપસ દેખાઈ રહ્યું છે. અમે નવી વચગાળાની યોજના બનવી લીધી છે. આ યોજના આવતીકાલથી અમલી બનાવવામાં આવશે. નવી યોજના હેઠલ કેટલાક એવા સ્થળોમાં જ્યાં લોડ ફેક્ટરનું પ્રમાણ ઓછું છે તે સ્થળોને થોડાક સમય માટે હાલમાં બંધ રાખવામાં આવશે. એર લાઈન પહેલી જુનથી વચગાળાની સ્કીમને અમલી બનાવશે. સાત ઈન્ટરનેશનલ સ્થળો હોંગકોંગ, ઓસાકા, શીહોલ અને ટોરોન્ટોને બંધ રાખવામાં આવશે. એર લાઈન નિયમીત ૪૫ બદલે ૩૮ સર્વિસ ઓપરેટ કરશે. હાલમાં કોન્ટીજન્સી યોજના હેઠળ કામ ચાલી રહ્યું છે. ૮મી મેના દિવસે ઈન્ડિયન પાયલોટ્સ ગિલ્ડના પાયલોટો સામુહિક માંદગીની રજા લઈને હડતાળ પર ઉતરી ગયા હતા.

ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

● આ સપ્તાહનો સવાલ...?

ભારતના વડાપ્રધાન એસ.એમ. કિષ્ણા અગાઉ કયા રાજયનાં મુખ્યમંત્રી હતા?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

● સાચા જવાબો :-

૫ (૫૬) ૫ (૨૬) ૬ (૬૬) ૬ (૮૬) ૫ (૧૬) ૬ (૩) ૬ (૨) ૬ (૬) ૫ (૦૬) ૬ (૭) ૬ (૭) ૫૮ (૭) ૬ (૩) ૬ (૫) ૬ (૨) ૬ (૬) ૫૮ (૬)

શનિવારથી કેરળમાં ચોમાસું બેસી જશે

અમદાવાદ,તા.૩૧

ઉત્તર અને પૂર્વ ભારતમાં કાળઝાળ ગરમીએ માઝા મુકી છે અને રાજસ્થાનના કેટલાક વિસ્તારમાં તો ગરમીનો પારો ૪૭ ડિગ્રીએ પહોંચી ગયો છે ત્યારે આગામી શનીવાર સુધીમાં કેરળમાં ચોમાસુ પહોંચી જશે તેવી આગાહી કેન્દ્રીય હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.આ ઉપરાંત ગુજરાતમાં પણ ૧૫ જુનની આસા-પાસ ચોમાસુ બેસી જશે. જેની અસરને કારણે આગામી દિવસોમાં ભેજનું પ્રમાણ પણ સામાન્ય કરતા વધુ રહેશે. કેન્દ્રીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલ ચોમાસુ શ્રીલંકા તરફથી કેરળ તરફ આગાળ વધી રહ્યું છે, ભારતનો પહેલો વરસાદ કેરળના વરસાદ પર આધાર રાખે છે જેથી ત્યાં આગામી શનીવાર સુધી વરસાદ થવાની શક્યતા છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BIRLA TYRES Unbeatable!
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

SANGHI CEMENT | KisaN | VINAYAK 500 TMT BARS - ISI | SANGHI STEEL - ISI
BENELAVE | R.FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ